| | | |
|---|---|---|
| **વી.એચ.પટેલ**<br>એડી.ડીસ્ટ્રીકટ જજ<br>સાબરકાંઠા, હિંમતનગર | Azadi Ka Amrit Mahotsav | જિલ્લા અદાલત,<br>હિંમતનગર. જિ.સાબરકાંઠા.<br>☎ કચેરી:(૦૨૭૭૨) ૨૪૨૩૧૦<br>ફેકસ:(૦૨૭૭૨)૨૪૧૪૫૦ |

જા.નં. :272 /૨૦૨૫

તા :30/૦૪/૨૦૨૫

પ્રતિ,

(૧) બીજા એડી. ડીસ્ટ્રીકટ જજશ્રી, બીજી એડી. ડીસ્ટ્રીકટ કોર્ટ, ઈડર.

(૨) ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, હિંમતનગર.

(૩) પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજશ્રી, પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, હિંમતનગર/ઈડર/પ્રાંતિજ / ખેડબ્રહમા

(૪) પ્રિન્સીપાલ સીવીલ જજશ્રી, પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, વિજયનગર,/વડાલી,/પોશીના,/ તલોદ.

**વિષય: –** સીવીલ '' સી '' ની એફ.ડી. કરાવેલ પેન્ડીંગ નાની રકમો લેપ્સ કરાવવા બાબત...

આથી ઉપરોકત વિષય પરત્વે જણાવવાનુ કે, અત્રેની કોર્ટમાં સીવીલ – ''સી'' ની એફ.ડી. કરાવેલ પેન્ડીંગ એન્ટ્રીઓ (એમ.એ.સી.પી. કેસોની) જે જમા છે જે રકમો ખુબ જ જુની હોઈ , જે જમા રકમોનું લીસ્ટ આ સાથે સામેલ રાખેલ છે જે આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારુ આ સાથે મોકલી આપેલ છે જે નોટીસ તથા લીસ્ટ આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવડાવી પ્રસિધ્ધ કરાવ્યા બાબતના નાઝીરશ્રીના શેરા સાથે અત્રેની કોર્ટને બિનચુક જાણ કરવી.

એડીશનલ ડીસ્ટ્રીકટ જજ
સા.કાં., હિંમતનગર.

**બિડાણ :–** પત્રમાં જણાવ્યા મુજબ.

નકલ રવાના જાણ સારૂ તથા નોટીસ બોર્ડ ઉપર પ્રસીધ્ધ સારૂ

– પ્રમુખશ્રી, બાર એસોસીએશન, સા.કાં.,હિંમતનગર/ અરવલ્લી, મોડાસા

# :: નોટીસ ::

આથી અત્રેની કોર્ટમાં સીવીલ – ''સી'' ની એફ.ડી. કરાવેલ પેન્ડીંગ કુલ ૧૦૩ એન્ટ્રીઓ જે સીવીલ એફ.ડી. રજીસ્ટરમાં જમા છે જે અંગે અગાઉ તા.૨૪/૦૭/૨૪ ના રોજ જાહેર જનતાજોગ રકમ પરત લઈ જવા સારૂ લોકલ સમાચાર પત્રમાં જાહેરાત આપવામાં આવેલ તેમ છતાં રકમ પરત લઈ ગયેલ નથી તેમજ બાર એસોસીએશન, હિંમતનગરને તા.૧૫/૦૭/૨૪ ના રોજ પત્ર થી જાણ કરેલ તેમ છતાં એડવોકેટશ્રી/પક્ષકારો સદરહુ રકમ પરત લઈ ગયેલ નથી નામદાર ગુજરાત હાઈકોર્ટની ગાઈડલાઈન મુજબ સદરહુ લીસ્ટ મુજબના જમા રકમોનું લીસ્ટ આ સાથે સામેલ રાખેલ છે જે રકમો આ નોટીસ પ્રસિધ્ધ થયા ના દિન–૦૭ પછી લેપ્સ કરાવવાની થતી હોઈ, આ સાથેના લીસ્ટ મુજબના પક્ષકારો તથા વકીલશ્રીઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ સાથેના લીસ્ટ મુજબના સીવીલ (એમ.એ.સી.પી.) કામોની ડીપોઝીટની રકમ દિન–૦૭ ની અંદર અત્રેની કોર્ટમાંથી રકમ ઉપાડવા અંગેની તજવીજ કરવા નોંધ લેશો અને દિન–૦૭ સુધીમાં સદરહું રકમ ઉપાડવામાં નહીં આવે તો તે રકમ સરકારશ્રીના નિયમ મુજબ તથા સીવીલ મેન્યુઅલ મુજબ લેપ્સ કરાવી દેવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.

તા.૩૦/૦૪/૨૦૨૫

એડીશ્નલ ડિસ્ટ્રીકટ જજ
હિંમતનગર.